- નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો.

1. **મનુષ્યમાં મૂત્રપિંડ એ ........ સાથે સંકળાયેલા એક તંત્રનો ભાગ છે.**

(A) પોષણ (B) શ્વસન (C) ઉત્સર્જન (D) પરિવહન

**જવાબ** (C) ઉત્સર્જન

2. **વનસ્પતિઓમાં જલવાહક ......... માટે જવાબદાર છે.**

(A) પાણીના વહન (B) ખોરાકના વહન

(C) એમિનો ઍસિડના વહન (D) ઑક્સિજનના વહન

**જવાબ** (A) પાણીના વહન

3. **સ્વયંપોષી માટે ....... આવશ્યક છે.**

(A) કાર્બન ડાયોક્સાઇડ તથા પાણી (B) ક્લોરોફિલ

(C) સૂર્યનો પ્રકાશ (D) ઉપર્યુક્ત તમામ

**જવાબ** (D) ઉપર્યુક્ત તમામ

4. **......... માં પાયરુવેટના વિઘટન થવાથી તે કાર્બન ડાયૉક્સાઇડ, પાણી અને ઊર્જા ઉત્પન્ન થાય છે.**

(A) કોષરસ (B) કણાભસૂત્રો (C) હરિતકણ (D) કોષકેન્દ્ર

**જવાબ** (B) કણાભસૂત્રો

- નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો.

5. **આપણા શરીરમાં ચરબીનું પાચન કેવી રીતે થાય છે ? આ પ્રક્રિયા ક્યાં થાય છે ?**

➠ સામાન્ય રીતે ચરબીનું પાચન નાના આંતરડામાં થાય છે.

➠ યકૃતમાંથી સ્રવતા પિત્તરસની મદદથી ચરબીનું ભૌતિક પાચન થાય છે એટલે કે પિત્તક્ષારોની મદદથી ચરબીના મોટા ગોલકોનું નાના ગોલકોમાં રૂપાંતરણ થાય છે. આ ઘટનાને તૈલોદીકરણ કહે છે.

➠ પિત્તક્ષારો દ્વારા બેઝિક માધ્યમ રચાય છે તેથી સ્વાદુરસના ઉત્સેચક લાયપેઝ દ્વારા ચરબીનું પાચન થાય છે.

6. **સ્વયંપોષી પોષણ માટે જરૂરી પરિસ્થિતિઓ કઈ છે અને તેની નીપજો કઈ છે ?**

➠ સ્વયંપોષી સજીવો માટેની જરૂરી પરિસ્થિતિઓમાં પ્રકાશ, કાર્બન ડાયૉક્સાઇડ અને પાણી જરૂરી છે જે પર્ણમાં રહેલા ક્લોરોફિલ સાથે પ્રક્રિયા કરે છે જેને પ્રકાશસંશ્લેષણ કહે છે.

➠ પ્રકાશસંશ્લેષણ ક્રિયામાં સૌપ્રથમ પાણીના વિઘટનથી ઑક્સિજન અને હાઇડ્રોજન અલગ પડે છે, જેને પાણીનું પ્રકાશ વિઘટન કહે છે (Photolysis of Water).

➠ નિર્માણ પામેલ હાઇડ્રોજન અને $CO_2$ સાથે પ્રક્રિયા થઈ કાર્બોદિતનું નિર્માણ થાય છે.

7. **વાયુઓના વધારેમાં વધારે વિનિમય માટે વાયુકોષ્ઠોની રચના કેવા પ્રકારની હોય છે ?**

➠ શ્વાસ-ઉચ્છ્વાસની ક્રિયા : જ્યારે શ્વાસ દ્વારા વાતાવરણની હવા અંદર દાખલ થાય છે ત્યારે...

- પાંસળીઓ ઊપસી આવે છે.
- ઉરોદરપટલ ચપટો બની જાય છે.
- પરિણામે ઉરસીયગુહા કે વક્ષગુહા મોટી બને છે.
- તેથી હવા ફેફસાંમાં દાખલ થાય છે અને વિસ્તરણ પામેલા વાયુકોષ્ઠોને હવાથી ભરી દે છે.

• રુધિર શરીરમાંથી કાર્બન ડાયૉક્સાઇડ વાયુને વાયુકોષ્ઠોમાં મુક્ત કરવા માટે લાવે છે.

• ફેફસાં દ્વારા શ્વસન ક્રિયા દરમિયાન ઑક્સિજનનું શોષણ અને કાર્બન ડાયૉક્સાઇડનો વાતાવરણમાં નિકાલ થાય છે.

➠ ફેફસાં હંમેશાં હવાના વિનિમય માટે વિશિષ્ટતા દર્શાવે છે, જેથી ઑક્સિજનના શોષણ અને કાર્બન ડાયૉક્સાઇડને વાતાવરણમાં મુક્ત કરવાનો પર્યાપ્ત સમય મળી રહે છે.

**8. આપણા શરીરમાં હિમોગ્લોબીનની ઊણપને પરિણામે શું થઈ શકે છે ?**

➠ આપણા રુધિરના રક્તકણમાં હિમોગ્લોબીન આવેલું છે. જે ઑક્સિજનનું વહન કરી વિવિધ કોષો સુધી પહોંચાડે છે.

➠ જો આપણા રુધિરમાં હિમોગ્લોબીનની અછત સર્જાય તો...

• અંગો કે કોષોમાં પર્યાપ્ત ઑક્સિજન પહોંચી શકતો નથી.

• કોષોમાં ઑક્સિજન ઓછો મળવાથી પર્યાપ્ત શક્તિ મુક્ત થતી નથી.

• પ્રક્રિયા વેગમાં ઘટાડો થાય છે. આ ખામીને એનીમિયા કહે છે.

➠ એનીમિયાના ખાસ લક્ષણો :

• શ્વસનદરમાં ઘટાડો થાય છે.

• થાક અને અશક્તિનો અનુભવ થાય છે.

**9. મનુષ્યમાં રુધિરનું બેવડું પરિવહનની વ્યાખ્યા આપો. તે શા માટે જરૂરી છે ?**

➠ મનુષ્યના હૃદયમાં મુખ્ય બે ભાગ છે : જમણો ખંડ અને ડાબો ખંડ.

➠ જ્યાં હૃદયના જમણા ભાગમાં ઑક્સિજનવિહીન રુધિરનો જથ્થો વિવિધ કોષોમાંથી આવે છે.

➠ જમણા ખંડોમાં જમા થયેલ અશુદ્ધ રુધિરને શુદ્ધ કરવા (ઑક્સિજનયુક્ત કરવા) ફેફસાંમાં આવે છે.

➠ ડાબા ખંડમાં ઑક્સિજનયુક્ત રુધિરનો જથ્થો જમા થાય છે જેને પંપ દ્વારા શરીરના વિવિધ અંગોમાં ધકેલવામાં આવે છે. આમ ઉચ્ચકક્ષાના પૃષ્ઠવંશી પ્રાણીઓમાં પ્રત્યેક ચક્રમાં રુધિર બે વાર હૃદયમાં આવે છે. આ ઘટનાને 'બેવડું પરિવહન' કહે છે.

➠ મનુષ્યમાં બેવડું પરિવહન મહત્ત્વનું છે કારણ કે વિવિધ અંગોની પર્યાપ્ત ઑક્સિજનની જરૂરિયાત સંતોષાય છે અને વધુ ઊર્જા પ્રાપ્ત થાય છે, સાથે સાથે શરીરના તાપમાનની પણ જાળવણી થાય છે.

**10. જલવાહક અને અન્નવાહકમાં પદાર્થોના વહન વચ્ચે શું તફાવત છે ?**

➠

| | જલવાહક દ્વારા વહન | | અન્નવાહક દ્વારા વહન |
|---|---|---|---|
| (1) | પાણી અને ખનીજક્ષારોનું વહન થાય છે. | (1) | ખોરાકના ઘટકોનું વહન થાય છે. |
| (2) | મોટાભાગે નિષ્ક્રિય વહન થાય છે. શક્તિ વપરાતી નથી. | (2) | શક્તિ વપરાશ સાથે સક્રિય વહન થાય છે. |
| (3) | જલવાહિનીકી, જલવાહિની મૃત હોય છે. | (3) | ચાલનીનલિકા અને સાથીકોષો જીવંત કોષો છે. |

**11. ફેફસાંમાં વાયુકોષ્ઠોની અને મૂત્રપિંડમાં મૂત્રપિંડનલિકાની રચના અને તેઓની ક્રિયાવિધિની તુલના કરો.**


➠

| | ફેફસાંમાં વાયુકોષ્ઠો | | મૂત્રપિંડનલિકા |
|---|---|---|---|
| (1) | ફેફસાંનો ક્રિયાત્મક અને રચનાત્મક બંધારણીય એકમ છે. | (1) | મૂત્રપિંડનો ક્રિયાત્મક, રચનાત્મક બંધારણીય એકમ છે. |
| (2) | વાયુકોષ્ઠોની દીવાલ ખૂબ જ પાતળી અને સપાટીનું ક્ષેત્રફળ વધારે હોય છે. જે રુધિરકેશિકાના સીધા સંપર્કમાં હોય છે. | (2) | મૂત્રપિંડનલિકાની દીવાલ જાડી હોય છે. તેની સપાટી ઘણી વધારે હોવાથી રુધિરકેશિકાઓના ગાઢ સંપર્કમાં હોય છે. |
| (3) | રુધિરમાંથી $CO_2$ દૂર કરવામાં મદદ કરે છે. | (3) | રુધિરમાંથી નાઇટ્રોજનયુક્ત ઉત્સર્ગ ઘટકોનો નિકાલ કરવામાં મદદ કરે છે. |

● નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ સવિસ્તર ઉત્તર લખો.

**12. ખોરાકના પાચનમાં લાળરસની ભૂમિકા શું છે ?**

➠ મનુષ્યમાં પાચનમાર્ગ મૂળભૂત સ્વરૂપે મુખથી ગુદા સુધી વિસ્તરેલી એક લાંબી નળી સ્વરૂપે જોવા મળે છે.




માનવ પાચનનળી

➠ મનુષ્યમાં મુખ દ્વારા લેવાયેલ ખોરાકને કુદરતી રીતે એક ક્રિયામાંથી પસાર થવાનું હોય છે.

➠ દાંતની મદદથી ખોરાકના મોટા કણોનું નાના-નાના કણોમાં રૂપાંતરણ થાય છે.

➠ જ્યારે ખોરાક ચાવવામાં આવે છે તે સાથે જ મુખમાં રહેલી લાળગ્રંથિમાંથી લાળરસ સ્રવે છે (જેને લાળરસ કે લાળ કહે છે.) પરિણામે ખોરાક સુંવાળો બને છે.

➠ પાચનમાર્ગનું અસ્તર ખૂબ જ નાજુક હોવાથી ખોરાકનું ભીનું થવું (પલળવું) અને ગળી શકાય તેવા સ્વરૂપમાં રૂપાંતરણ થવું જરૂરી છે.

• લાળરસમાં લાળરસીય એમાયલેઝ ઉત્સેચક હોય છે જે ખોરાકના જટિલ સ્ટાર્ચ અણુનું શર્કરામાં રૂપાંતરણ કરે છે.

$$\text{જટિલ સ્ટાર્ચ} \xrightarrow[\text{-જળવિભાજન}]{\text{એમાયલેઝ}} \text{શર્કરા} \ldots$$

(ખોરાક)

• ખોરાક ચાવવાની ક્રિયા થાય છે તે દરમિયાન માંસલ જીભ ખોરાકને લાળરસની સાથે સંપૂર્ણ રીતે ભેળવી દે છે.

➠ મુખમાં તૈયાર થયેલા ખોરાકની નિયમિત રીતે ગતિ તેમની નિયત રીતેથી થાય તે જરૂરી છે. સમગ્ર પાચનમાર્ગમાં ક્રમાનુસાર સંકોચનગતિથી ખોરાક આગળ વધે છે.

**13. જારક અને અજારક શ્વસન વચ્ચે તફાવત શું છે ? કેટલાક સજીવોના નામ આપો કે જેમાં અજારક શ્વસન થાય છે.**

➠ કોષોમાં સંચિત ખોરાકનું વિઘટન થઈ શક્તિમુક્ત કરાવતી ક્રિયાને શ્વસન કહે છે.

➠ શ્વસનની ક્રિયામાં $O_2$નો ઉપયોગ થાય તો તેને જારક શ્વસન અને $O_2$નો ઉપયોગ ન થાય તો તેને અજારક શ્વસન કહે છે.

➠ સૌપ્રથમ કોષોમાં સંચિત ગ્લુકોઝનું ઑક્સિજનની મદદ વગર વિઘટન થાય છે. આ ક્રિયા કોષરસમાં થાય છે.

➠ $C_6H_{12}O_6$નું ત્રણ-કાર્બનધારી પાયરુવેટના બે અણુમાં રૂપાંતરણ થાય છે.

$$C_6H_{12}O_6 \xrightarrow[\text{કોષરસ}]{\text{વિઘટન}} 2(\text{પાયરુવેટ (3C)})$$

➠ અજારક શ્વસન : નિર્માણ પામેલા પાયરુવેટનું રૂપાંતરણ ઇથેનોલ અને $CO_2$માં થાય છે.

➠ સમગ્ર ક્રિયા ઑક્સિજનની ગેરહાજરીમાં થતી હોવાથી તેને અજારક શ્વસન કહે છે.

➠ આ ક્રિયા યીસ્ટમાં આથવણ દરમિયાન થાય છે.

$$\text{ગ્લુકોઝ} \xrightarrow{\text{કોષરસમાં}} 2(\text{પાયરુવેટ}) \xrightarrow[\text{(યીસ્ટમાં)}]{O_2\text{ની ગેરહાજરીમાં}} \text{ઇથેનોલ + કાર્બન ડાયૉક્સાઇડ + ઊર્જા}$$

(6C-અણુ) (3C-અણુ) (2C-અણુ)

- **જારક શ્વસન :** ઉચ્ચકક્ષાના સજીવોમાં ગ્લુકોઝનું ઑક્સિજનની મદદથી સંપૂર્ણ વિઘટન થાય છે.
- ગ્લુકોઝમાંથી નિર્માણ પામેલા 2-પાયરુવેટ (3C)નું ઑક્સિજનનો ઉપયોગ કરી કણાભસૂત્રમાં વિઘટન થાય છે અને 3 $CO_2$ અને $H_2O$નું નિર્માણ થાય છે.
- જારક શ્વસનમાં અજારક શ્વસન કરતાં વધારે ઊર્જા મળે છે.
- તફાવત :

| જારક શ્વસન | અજારક શ્વસન |
|---|---|
| (1) જારક શ્વસનની ક્રિયા ઑક્સિજનની હાજરીમાં જ થાય છે. | (1) તેમાં ઑક્સિજનની હાજરી જરૂરી નથી. |
| (2) પાયરુવેટનું ઑક્સિડેશન થઈ $CO_2$ અને $H_2O$ બને છે. | (2) પાયરુવેટનું રૂપાંતરણ ઇથેનોલ અને $CO_2$માં થાય છે. |
| (3) વધુ પ્રમાણમાં ઊર્જા મળે છે. | (3) પર્યાપ્ત ઊર્જા મળતી નથી. |
| (4) ઉચ્ચકક્ષાના બધા જ સજીવોમાં જોવા મળે છે. | (4) યીસ્ટ અને અંતઃપરોપજીવી સજીવોમાં જોવા મળે છે. |
| (5) જારક શ્વસન કણાભસૂત્રમાં થાય છે. | (5) ક્રિયા કોષરસમાં થાય છે. |

- જારક શ્વસન દર્શાવતું સમીકરણ :

ગ્લુકોઝ (6C) $\xrightarrow{\text{કોષરસ}}$ 2(પાયરુવેટ) 3C-અણુ $\xrightarrow[\text{(કણાભસૂત્ર)}]{O_2\text{ની હાજરી}}$ કાર્બન ડાયૉક્સાઇડ + પાણી + ઊર્જા